ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૬૦/૧૮-૧૯/ ૭૫૬ તારીખ 25 FEB 2019

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૬૦/૧૮-૧૯

પ્રતિ,
શ્રી ગોહિલ ભાણુભા બાલુભા,
તણસા રેલ્વે સ્ટેશનની બાજુમાં,
મુ.તણસા, તા.ઘોઘા,
જી.ભાવનગર.
**મો.નં. ૭૬૨૨૫ ૧૮૦૮૪.**

**વિષય : નવા ખેતીવાડી વીજ કનેકશન મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૮/૧૨/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૬૦/૧૮-૧૯/૫૮૪૩ તા.૨૯/૧૨/૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૬૦/૧૮-૧૯/૭૨ તા.૦૫/૦૧/૧૯.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૬૦/૧૮-૧૯/૪૬૮ તા.૩૧/૦૧/૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૫/૦૨/૨૦૧૮** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **શહેર-૨ ભાવનગર.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **માંમસા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

## (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૧૬૦/૧૮–૧૯</u>** ☜

વાદી :– શ્રી ગોહિલ ભાણુભા બાલુભા

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **<u>રજુઆતની તારીખ</u>:– ૧૫.૦૨.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી પૃથ્વીરાજસિંહ ભાણુભા ગોહિલ – (વાદીનાં પુત્ર)

પ્રતિવાદી :– શ્રી સીમાબેન ટી. ગુજરાતી નાયબ ઈજનેર, શહેર–૨ વિભાગીય કચેરી, ભાવનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ગોહિલ ભાણુભા બાલુભા, મુ.તણસા, તા.ઘોઘા ની નવા ખેતીવાડી વીજ કનેકશન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૬૦/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૬૦/૧૮–૧૯/૫૮૪૩ તા.૨૯.૧૨.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૯.૦૧.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ નથી. ત્યારબાદ અન્ય મુદત તા.૧૫.૦૨.૧૯ ના રોજની આપવામાં આવેલ. જેમાં વાદીનાં પુત્ર શ્રી પૃથ્વીરાજસિંહ ભાણુભા ગોહિલ હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી સીમાબેન ટી. ગુજરાતી, નાયબ ઈજનેર, શહેર–૨ વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીની રજુઆત મુજબ તેઓએ તણસા ગામ ખાતે નવા ખેતી વિષયક વીજજોડાણની અરજી કરેલ, જેનું અંદાજપત્ર તા.૦૭.૧૨.૨૦૧૭ ના રોજ મળેલ હતું.

૧.૨ પરંતુ અંદાજપત્ર જોતા તે ભરવાની છેલ્લી તારીખ જતી રહી હોવાથી, ટાઈમલીમીટ વધારવા રજુઆત કરેલ પરંતુ આજદીન સુધી ટાઈમલીમીટ વધારી આપેલ ન હોઈ, આ અંદાજપત્ર ફરી આપવા વિનંતી કરેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ શ્રી ભાણુભા બાલુભા ગોહિલ દવારા તા.૧૧.૧૧.૨૦૧૩ ના રોજ રૂા.૨૦૦/– રસીદ નં.૮૪૨૨૨૬ થી ભરપાઈ કરી, સામાન્ય વારા યોજના હેઠળ નવું ખેતીવાડી વીજજોડાણ લેવા માટે માંગણી કરવામાં આવેલ હતી, જેનો જી.પી. નં.૯૩૫૯ થી નોંધાયેલ છે.

૨.૨ જેમનો ક્રમાનુસાર વારો આવતાં જરૂરી સર્વે કરી, પત્ર નં.એમએસડી/ટેક/૧૦૩૧૯ તા.૦૨.૧૧.૨૦૧૭ ના રોજ રૂા.૭૮૫૩/– નું અંદાજપત્ર આપવામાં આવેલ હતું, જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૦૧.૧૨.૨૦૧૭ હતી. જે તેઓશ્રી દવારા નિયત સમયમર્યાદામાં ભરપાઈ કરેલ નથી.

૨.૩ સદર અંદાજપત્ર ભરપાઈ કરવાની સમયમર્યાદા વધારવા માટે જરૂરી અરજી કરેલ હોઈ, તેવી જી.પી. રજીસ્ટરમાં નોંધ નથી કે ઓરીજનલ ડોકયુમેન્ટ સાથે કોઈ અરજી સામેલ જોવા મળેલ નથી.

૨.૪ ઉપરોકત કારણોસર અરજદારશ્રીને માંગણીવાળું વીજજોડાણ આપવાની કાર્યવાહી હાથ ધરેલ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી ગોહિલ બનુભા બાલુભાના પ્રતિનીધી પૃથ્વીરાજસિંહ બનુભાની રજુઆત છે કે તેઓએ વાદીનાં નામથી નવું ખેતીવાડી વીજજોડાણની અરજી નોંધણી તા.૧૧.૧૧.૨૦૧૩ ના રોજ કરાવેલ, જે અંગેનું અંદાજપત્ર સમયમર્યાદા વીતી ગયા પછી મળેલ હોવાથી તેમને ભરપાઈ કરવાની સમયમર્યાદા વધારવા માટે ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ પ્રતિવાદીએ તા.૦૨.૧૧.૧૭ ના રોજ વાદીને રૂા.૭૮૫૩/– નું અંદાજપત્ર આપેલ, જે ભરપાઈ કરવા માટેની છેલ્લી તા.૦૧.૧૨.૧૭ ના રોજ હતી.

૩.૩ વાદીની રજુઆત મુજબ તેઓને આપવામાં આવેલ અંદાજપત્ર તા.૦૧.૧૨.૧૭ પછી મળેલ, તેથી અંદાજપત્રની રકમ પ્રતિવાદી દવારા સ્વિકારાયેલ નહી. આથી વાદીએ પ્રતિવાદીની મામસા પેટા વિભાગીય કચેરીમાં "ટપાલ લેઈટ મળવાનાં કારણે મુદત આપવા વિનંતી" એવી અરજી કરેલ, જે પ્રતિવાદીની કચેરીમાં તા.૧૪.૧૨.૧૭ ના રોજ ઈન્વર્ડ કરીને સ્વિકારેલ પરંતુ સમયમર્યાદા વધારી આપવાની કોઈ કાર્યવાહી કરેલ નહી.

૩.૪ પ્રતિવાદીએ આપેલ અંદાજપત્ર વાદીને મળવા અંગેની રજી.એ.ડી. ની પહોંચ રજુ કરેલ નથી, આથી વાદીને અંદાજપત્ર તેની મુદતની તારીખ પુરી થયા પહેલા મળેલ હોઈ તેવું જણાતું નથી.

૩.૫ તારણ નં.૩.૩ અને ૩.૪ ઉપરથી પ્રતિવાદીએ દિવસ–૭ માં અંદાજપત્ર વાદીને આપવું.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

## –:: હુકમ ::–

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૫ મુજબ હુકમ કરવામાં આવે છે."

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી. એચ. માવાણી)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :–૧૫.૦૨.૨૦૧૯

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.